# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-12-2024 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **નેહલ ઠક્કર** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-વીર બાળ દિવસ :

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આજે નવી દિલ્હીમાં 17 બાળકોને તેમની વિશેષ સિદ્ધિઓ બદલ સાત શ્રેણીમાં પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કર્યાં હતાં. ચૌદ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના આ બાળકોને કળા અને સંસ્કૃતિ, વીરતા, નવીનતા, વિજ્ઞાન અને ટેક્નૉલોજી, સામાજિક સેવા, રમતગમત અને પર્યાવરણ ક્ષેત્રમાં તેમની સિદ્ધિઓ બદલ આ સન્માન અપાયું છે. પુરસ્કાર વિજેતઓને ચંદ્રક, પ્રમાણપત્ર અને પ્રશસ્તિ પુસ્તિકા આપવામાં આવી હતી. બાળકોને શુભેચ્છાઓ પાઠવતા શ્રીમતી મુર્મૂએ કહ્યું કે, તેમની સિદ્ધિઓ દેશના નાગરિકોને પ્રેરણા પૂરી પાડશે.

---------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-વીર બાળ દિવસ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં ભારત મંડપમ્ ખાતે વીર બાળ દિવસની ઉજવણી પ્રસંગે સુપોષિત ગ્રામ પંચાયત અભિયાનનો પ્રારંભ કરાવ્યો. જેનો ઉદેશ્ય પોષણ સંબંધિત સેવાઓના સુદઢ અમલીકરણ અને સક્રિય સમુદાયની ભાગીદારીને સુનિશ્ચિત કરીને સુખાકારીમાં વધારો કરવાનો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ પ્રસંગે જણાવ્યુ કે  આ દિવસે અનેક બાળકો અને યુવાનોને અદમ્ય સાહસ સાથે પ્રેરણા આપવાનું કામ કર્યું છે. શ્રી મોદીએ આજે શૌર્ય, નવીનતા, વિજ્ઞાન અને ટેકનોલોજી, રમતગમત અને કળાના ક્ષેત્રોમાં વીર બાલ પુરસ્કારથી સન્માનિત થયેલા 17 બાળકોની પ્રશંસા કરી હતી.

---------------------------------------------------------------------------------

## રાજ્ય,કચ્છ –વીર બાળ દિવસ:

આજે રાજ્યભરમાં વીર બાળ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદના થલતેજ ગુરુદ્વારામાં પુજા અર્ચના કરી હતી અને લંગર પ્રસાદનું વિતરણ કર્યું હતું.

કચ્છમાં પણ આજે ભુજના હોસ્પિટલ રોડ સ્થિત કે.ડી.સી.સી હોલ ખાતે સાંસદ વિનોદ ચાવડાની ઉપસ્થિતિમાં વીર બાળ દિવસની ઉજવણી કરાઈ હતી. આ અવસરે સામાજીક અને રાજકીય ક્ષેત્રના અગ્રણીઓએ વીર બાળ શહિદોને શ્રધ્ધાંજલિ આપી તેમના કાર્યોનું સ્મરણ કર્યું હતું.

---------------------------------------------------------------------------------------

## ભુજ-કચ્છ સાહિત્ય ઉત્સવનું સમાપન:

કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા ભુજના સ્મૃતિવન ખાતે યોજાયેલ બે દિવસીય કચ્છ સાહિત્ય ઉત્સવનું સમાપન થયું છે. આજે બીજા દિવસે કચ્છી સાહિત્યની ગઈકાલ, આજ અને આવતીકાલ, કચ્છી બાળવાર્તા, કચ્છનું પત્રકારત્વ, કચ્છી સંત સાહિત્ય, કચ્છી પરંપરાગત કવિતાઓ અને લોકવાર્તાઓ વગેરે વિષયો પર વિવિધ સત્રો યોજાયા હતા.

ઉલ્લેખનીય છે કે, કચ્છી ભાષા અને તેમાં રચાયેલું સાહિત્ય નવી પેઢી સુધી પહોંચે તેવા આશયથી યોજાયેલ આ કાર્યક્રમમાં કુલ 14 સત્રોમાં 55 જેટલા કચ્છી સાહિત્યકારો કલાકારોએ ભાગ લીધો હતો.

---------------------------------------------------------------------------------------

## કચ્છ-પ્રવાસીઓનો ધસારો

વર્ષાંતની રજાનો માહોલ હોવાથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ કાળા ડુંગર, સ્મૃતિવન, સાયન્સ સેન્ટર, મ્યુઝિયમ, લખપત, માતાના મઢ, નારાયણ સરોવર, ધોરડો-સફેદ રણ વગેરે પ્રવાસન સ્થળો પ્રવાસીઓથી ધમધમી રહ્યાં છે.

હાલમાં રણોત્સવ ચાલી રહ્યો ત્યારે છે ત્યારે મોટી સંખ્યામાં પ્રવાસીઓએ ગઈકાલે કચ્છના વિવિધ પ્રવાસન સ્થળો ખાતે નાતાલની રજા માણી હતી. નાતાલની રજા હોવાથી કાળા ડુંગર દત્ત શિખર પર **4000** થી વધુ પ્રવાસીઓ એક દિવસમાં જ આવ્યા હતા. **700** થી **800** નાનાં-મોટાં વાહનો સાથે આવેલા પ્રવાસીઓએ પ્રાકૃતિક સૌંદર્યની મોજ માણી હતી.

---------------------------------------------------------------------------------------

## ઢંઢ વિસ્તાર-કુંજ પક્ષીઓ

કચ્છની આબોહવા તથા ભૌગોલિક નવિનતા માણવા રણોત્સવમાં વિદેશી પર્યટકો આવે છે તેમ શિયાળામાં સુરખાબ સહિત વિદેશી પક્ષીઓ પણ કચ્છના મહેમાન બને છે. નાની બન્નીના ઢંઢ વિસ્તારમાં લાખોની સંખ્યામાં સાઈબેરિયાથી આવેલા કુંજ પ્રવાસી પક્ષીઓએ દરિયો પાર કરી પડાવ નાખતાં પક્ષીપ્રેમીઓ આનંદિત થઈ ઊઠયા છે. કુંજ પક્ષીઓ ઢંઢ સરોવરમાં થતા ધામૂળ ઘાસમાં થતા બીજ વધુ પસંદ કરતા હોવાથી બચ્ચાં સહિત કુંજ પક્ષીઓથી ઢંઢ સરોવર વિસ્તાર ગૂંજી ઊઠયો છે. ઠંડીમાં આવતા કુંજના ટોળાં માર્ચ મહિનાના અંતના દિવસોમાં વાતાવરણમાં ગરમી વધતાં સહપરિવાર સહિત પોતાના દેશ તરફ પ્રયાણ કરે છે.

---------------------------------------------------------------------------------------

## હવામાન

જીલ્લામાં આજે હવામાનમાં પલટો આવતા વાતાવરણ વાદળછાયું થયું છે.વાતાવરણીય બદલાવના કારણે પવનની ઝડપમાં વધારો થતાં ઠારની તીવ્રતામાં વધારો થયો છે. જીલ્લાના વિવિધ મથકો ઉપર લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધઘટ નોંધાઈ હતી. રાજ્યના સૌથી શીત મથક બની રહેલા નલિયામાં  લઘુત્તમ તાપમાન 9.8 ડિગ્રી જયારે ભુજમાં 10.9 અને કંડલામાં 14.8 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયુ હતું. હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ કચ્છ સહિતના જિલ્લાઓમાં છૂટા-છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરી છે.

---------------------------------------------------------------------------------------

# ભુજ-પોલીસ-શી ટીમ દ્વારા તાલીમ

ભુજ શહેર પોલીસ સી ટીમ દ્વારા  પોલીસ હેડ ક્વાટર્સ ખાતે આગામી ભરતી માટે બહેનોને શારીરિક કસોટી દ્વારા તાલીમ અપાઈ રહી છે, આ અંતર્ગત જોડાયેલી બહેનો માટે સ્મૃતિવન ખાતે વિશેષ તાલીમનું આયોજન કરાયુ હતું. “શી ટીમ કી શેરનિયા” તરીકે તાલીમ પામનારી બહેનોને ટી-શર્ટ  વિતરણ કરાયા હતા.

છેલ્લા એક માસથી શી ટીમ ફરજની સાથે-સાથે કચ્છની યુવતીઓને પોતાના ખાખીના સ્વપ્નને સાકાર કરવા માટે  પ્રોત્સાહન પુરૂ પાડી સખત મહેનત કરાઈ રહી છે. આ તાલીમમાં વધુમાં વધુ બહેનો જોડાય અને આ ક્ષેત્રમાં આગળ આવે તેવી ઈચ્છા વ્યક્ત કરાઈ હતી.

---